


## સલામી સવારની..

*એક જ છે મળ દ્વાર, ચીન-પાક યાર થાય છે,*
*ચીનના પીઠબળે નાપાક જમાદાર થાય છે,*
*ધાર થાય છે તેજ એની જીભ ને હથિયારોની -*
*આ 'ફરતારામ' ની વિદેશનીતિ માર ખાય છે!!*

હાઈકુ

*ધીમી-ગતિની*
*સરકારને, કોર્ટ -*
*મારે ચાબખા...*
*(દુષ્કાળ જાહેરાતમાં ઢીલ)*

*ઉગી નિકળ્યા,*
*જિલ્લે જિલ્લે હાર્દિકી -*
*લણે નેતૃત્વ!*
*(સરકારને સમાધાન ચિંતા)*

## ચિંતન

**જા ઘર પ્રેમ ન સંચરૈ, સો ઘટ જાનું મસાન, જૈસે ખાલ લુહાર કી, સાંસ લેતે બિન પ્રાણ**

ચોરાસી લાખ યોનિમાંથી પસાર થતા જીવનને માનવજન્મ મળે છે તે અનોખો અવસર છે. માનવીમાં જ્ઞાન-ભક્તિનો સંગમ થાય તો તે મોક્ષનો અધિકારી બની શકે. જે વ્યક્તિ જીવનનો સાચો આર્થ નથી સમજતી તે અનેક વિંટબણામાં અટવાય છે.

જો માણસ સમષ્ટિને પ્રેમ ન કરી શકે અને સ્વાર્થ-મોહમાં રચ્યો પચ્યો રહે તો તેનો દેહ મસાણ-સ્મશાનભૂમિ સમાન જાણવો. જેમ માણસ દેહને અગ્નિથી ભસ્મ કરે છે તેમ સ્વમાં પરોવાયેલ મનુષ્ય જીવનને નિરર્થક બનાવી દે છે. અન્ય સાખીઓની જેમ કબીરજી દેશના કારીગરોના રોજબરોજના કામમાં પણ ગૂઢ સંદેશ નિહાળે છે.

કયારેક વમકર તો કયારેક કુંભાર, સોની, સુથાર જેમ આ સાખીમાં લુહારની કોઢની ઉપમા આપે છે. લોઢું પીગળાવવા માટે આગને હવા આપતી ધમણ આપણા ફેફસાં જેમ ચાલે છે. ફેફસામાં પ્રાણવાયુ ગ્રહણ કરે છે. ધમણ જીવંત નથી તેથી તે હવા ફૂંકે છે પણ પોતે પ્રાણહીન છે.

મનુષ્યે જીવંત રહી ભવ સુધારવાનો છે.

## સુવિચાર

- પગથી માથા સુધી દર્દ હોય છે, માનવી ત્યારે સાચો મર્દ હોય છે - **રમેશ પટેલ**
- ધારેલા કાર્ય ને અમલમાં ન મૂકે ત્યાં સુધી તેને પ્રકાશમાં ન લાવે તે ખરો બુદ્ધિમાન - **મુંબઈ સમાચાર**
- સાચુ બોલવું એ સારા અક્ષર લખવા જેવું છે અને તે ફક્ત ટેવ પાડવાથી જ શક્ય છે - **રસ્કિન**
- લાંબી જીભ રાખનાર ટૂંકું જીવે છે - **અરબી કહેવત**
- ગુસ્સો સમજદારીને ઘરની બહાર કાઢીને દરવાજાને તાળુ મારી દે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જે વ્યક્તિ બિલાડીને તેના પૂંછડીથી પકડે તે જીવનનો એવો પાઠ ભણે છે જેને તે કોઈ રીતે શીખી ન શકે - **માર્ક ટ્વેન**
- તમે સુખી છો કે નહીં એની ચિંતા કરવાની નવરાશ હોય એ દુઃખી થવાનું રહસ્ય છે - **બર્નાડ શો**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

સ્વાર્થી લુચ્ચા માણસો તદ્દન નિર્લજ્જ હોય છે. એમને આંખની શરમ પણ નથી હોતી.

નસરુદીનના ગામમાં એક સૂફી સંત જેવો ફિલસૂફ પસાર થયો. એણે મુલ્લાંને સારી રીતે હોટેલ બતાવવાનું કહ્યું, મુલ્લાં કહે ચાલો હું તમને સારી નોનવેજ હોટેલ સુધી જ મૂકી જાઉં.

રસ્તામાં ફિલસૂફ મુલ્લાંની ધાર્મિક વાતોની ખૂબ પ્રભાવિત થઈ ગયો. તેથી પોતાની સાથે ભોજન લેવાનું નિમંત્રણ આપ્યું - બે માછલી મંગાવી...

બે ડીસ આવી. એક ડીસમાં માછલી નાની હતી. મિયાં નસરુદીનને તરત મોટી માછળીવાળી ડીસ પોતાની તરફ સેરવી લીધી! તમે કેવા છો? નિર્લજ થઈ મોટી માછલી આમ સેરવી લીધી?

મુલ્લાં કહે - તમે તો ફિલસૂફ છો. સંત છો - જો તમને પંસદગી પૂછવામાં આવી હોત તો તમે શું કરત?

ફિલસૂફ કહે હું તારા જેવો સ્વાર્થી - નિર્લજ્જ નથી - હું નાની માછળી જ પસંદ કરત.

મુલ્લાં ખુંધું હસ્યા અને કહ્યું - તો મેં તમારી પસંદગી મુજબ જ કર્યું એમાં ગુસ્સે કેમ થઈ ગયા?!

# કેરળમાં મંદિર દુર્ઘટના પર રાજકારણ ખેલાશે

કેરળના પ્રસિદ્ધ શહેર કોલ્લમના પરવૂર ખાતે ચૈત્રી નવરાત્રની ઉજવણી પ્રસંગે પુત્તિંગલ માતાના મંદિરમાં થયેલ અગ્નિકાંડ વર્તમાન સમયની હૃદય વિદારક ઘટના તરીકે ઘણા લાંબા સમય સુધી યાદ રહેશે. રાતભર થયેલી આતશબાજીમાંથી વહેલી સવારે સાડા ત્રણ વાગ્યાના શુમારે તણખા ઝર્યા અને મંડપ સળગી ઊઠતાં સેંકડો માણસો દાઝી ગયાં અને સેંકડો ચગદાઈ મર્યાં. મૃત્યુનો આંક સતત વધતો જ જાય છે તે જોતાં આ દુર્ઘટનાની ભયંકરતાનો ખ્યાલ આવ્યા વગર નથી રહેતો. ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત મુખ્યમંત્રી ઓમન ચાંડી આખા દિવસના કાર્યક્રમો રદ કરી સ્થળ પર પહોંચીને બચાવકાર્યમાં પરોવાઈ ગયા છે છતાં આ અગ્નિકાંડને પણ રાજકીય રંગ ચડાવી એનો ગેરલાભ લેવાના પ્રયાસ ન થાય તો જ નવાઈ. ખુદ વડાપ્રધાન એકાદ-બે દિવસમાં આ સ્થળની મુલાકાતે જઈ રહ્યા હોવાના સમાચાર છે. આ લખાય છે ત્યારે મૃત્યુ આંક ૧૦૨ નો આંકડો પાર કરી ચૂક્યો છે. ધાર્મિક સ્થાનો આપણા રોજિંદા જીવન સાથે સંકળાયેલા શ્રદ્ધાસ્થાનકો છે. એમની સુરક્ષાની જવાબદારી દેખીતી રીતે રાજય સરકાર હસ્તક ગણાય છે. રાજય સરકારો પણ ધાર્મિક સંસ્થાનોની પરંપરાઓને સંયમિત કરતાં સત્તરવાર વિચાર કરતી હોય છે. જો થોડીક વધુ કડકાઈ બતાવવા જાય તો એમણે ઘણા મોટા શ્રદ્ધાળુ જનસમુદાયનો રોષ વહોરવાની નોબત આવે છે. આથી આવી દુર્ઘટનાઓ અટકાવવા જરુરી પગલાં લેવામાં રાજય સરકારો પણ નિષ્ફળ રહી છે. કેરળની યુડીએફ સરકારે મંદિરના વહીવટીતંત્ર સામે કાર્યવાહી કરી છે એ આવકારદાયક પગલું છે પરંતુ પૂરી શક્યતા છે કે એમાં પણ કોઈને રાજકીય હિસાબ પતાવવાની સાજિશ દેખાય. કેરળમાં હિંદુ મતદાતાઓની લગોલગ ખ્રિસ્તી અને મુસ્લિમ મતદારાઓની વિશાળ વોટબેંક છે. આ વોટ બેંક પર નિયંત્રણ મેળવવા અત્યાર લગી બે મોરચા કાર્યરત હતા જેમાં યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રંટનું નેતૃત્વ કોંગ્રેસ કરતી આવી છે અને લૅફટ ડેમોક્રેટિક ફ્રંડનું નેતૃત્વ સામ્યવાદીઓના હાથમાં રહેતું આવ્યું છે. સૌથી મહત્વની વાત એ છે કે કેરળ એ સો ટકા સાક્ષર રાજય છે. કુદરતી સૌંદર્યની રૂએ તે બીજું સ્વર્ગ જ ગણાય છે. કેરળ સાથે ઈસુનો ઈતિહાસ પણ સંકળાયેલો છે. દુનિયામાં સૌથી જૂના ચર્ચો પૈકી કેટલાંક કેરળમાંછે. કેરળનાં કારીગરો દેશ ઉપરાંત ખાડીનાં દેશોમાં પથરાયેલાં છે. અહીં અય્યપ્પાનું સબરીમાલા મંદિર છે જેમાં સ્વયંભૂ જયોતિ ઝળહળે છે. છેલ્લાં થોડાક વરસથી ભારતીય જનતા પાર્ટીએ કેરળના રાજકારણમાં પગપેસરો શરૂ તરીકે ચૂંટાતા પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરુર વિરુદ્ધ એમની પોતાની જ પરણેતરની હત્યાનો આક્ષેપ થઈ રહ્યો છે. એક તરફ પશ્ચિમ બંગાળમાં ડાબેરીઓની પાંખમાં બેઠેલી કોંગ્રેસ અહીં ડાબેરીઓની સામે જ ટક્કર લઈ રહી છે. બેની લડાઈમાં ત્રીજું ફાવે એવી સ્થિતિ સુધી ભારતીય જનતા પાર્ટી બંગાલ

## તંત્રીસ્થાનેથી...

કર્યો છે. મંદિર મુદ્દો હંમેશા ભાજપની અસ્કામત બની રહે છે - એ ન્યાયે અહીં પણ હાંસિયે રહેતા ભગવા પક્ષને મેદાનમાં આવવાની તક મળી જાય તે બનવાજોગ છે. દક્ષિણનો ગઢ ખેરવવાની વડાપ્રધાનની મહેચ્છા જાણીતી છે. મુખ્યમંત્રી ઓમન ચાંડી વિરુદ્ધ યૌન શોષણના આક્ષેપો થઈ રહ્યા છે તો વળી યુનાઈટેડ નેશન્સ છોડીને ત્રિવેન્દ્રમમાં કોંગ્રેસના સાંસદ કે કેરળમાં વિકસી કે ફૂલીફાલી નથી, પરંતુ અત્યાર સુધી જયાં પ્રવેશ મેળવવામાં ફાંફાં હતાં ત્યાં એ ત્રીજા પરિબળ તરીકે કાઠું કાઢવા મથી રહી છે. એ નોંધપાત્ર ઘટના છે. એને કેરળમાં મંદિર-દુર્ઘટનાનો નવો મુદ્દો હાથવગો થતાં આગામી ચૂંટણીમાં હિંદુ મતોના ધ્રુવીકરણની દિશામાં કેટલી સફળતા સાંપડે છે એ જોવું રસપ્રદ બની રહેશે.

# ઈ ધારામાં ખાસ કન્ટ્રોલ રજીસ્ટર નિભાવાશે

**જમીનના ૪૩ પ્રકારના વ્યવહારોમાં સુધારો શકય વિદેશમાં રહેતા ભારતીયો હવે લોકશાહીનો હિસ્સો બની શકશે**




ગુજરાતમાં ઈ ધારા ગર્વનસ પ્રોજેકટ અંતર્ગત રેવન્યુ રેકર્ડને કોમ્પ્યુટર રાઈઝ કરવાની કામગીરી વર્ષોથી થાય છે. પરંતુ તેમાં રેકર્ડ ઉપર કે ડેટા એન્ટ્રી ઓપરેટરો દ્વારા વારંવાર ભુલો થવાની બુમો આવતા જે તે કારણોસર સંખ્યાબંધ ભુલોની રહેવાની શકયતાના કારણે હવેથી રાજય સરકાર દ્વારા ભુલો સુધારવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે . જેમાં ૩૦ દિવસમાં રેકર્ડ સુધારો કરવામાં આવશે અને ભુલો સુધારાશે જો કરેલા સુધારામાં પણ ભુલ હશે તો જવાબદાર સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

અરજદારને અપીલ રીવીઝન કે એફીડેવીટના ચકરમાંથી બહાર લાવવા માટે માત્ર એક જ જગ્યાએથી અરજી લઈને રેકર્ડમાં સુધારો કરવાનો નિર્ણય રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

અરજદારે ભુલવાળા અસલ રેકર્ડ સાથે સુધારા અરજ કરેથી તેની જમીનના રેવન્યુ રેકર્ડમાં ૭-૧૨ કે ૮(અ) ના પત્રકમાં કે ૬ના પત્રકમાં ભુલોની સુધારણા કરવામાં આવશે.

સરકારી રેકર્ડમાં હોય તે જ પુરાવા અરજદાર પાસેથી મેળવવાનો આગ્રહ રાખવામાં નહી આવે અરજ તારીખથી ૩૦ દિવસની અંદર આવા સુધારા વધારા મંજુર કરી રેકર્ડની ક્ષતિ દૂર કરવામાં આવશે.

ગુજરાત સરકારે ૨૦૦૪ થી તમામ રેકર્ડ કોમ્પ્યુટર રાઈઝ કરેલ છે. મહેસુલી વહીવટને નિયંત્રીત કરવા, સલામત કરવા માટે હસ્ત લેખીત મહેસુલી દસ્તાવેજને કોમ્પ્યુટર રાઈઝ કરવામાં આવેલ છે. ગુજરાતમાં ગમે તે તાલુકા, જીલ્લાની જમીનના રેકર્ડ ગમે ત્યાંથી ઘરે બેઠા ઉપલબ્ધ કરવાની તથા વિદેશમાં વસતા એન.આર.આઈ. ને પણ પોતાની ભારતમાં જમીનની સ્થિતિ ઘરે બેઠા જાણી જોઈ શકાય છે. ઈ ધારાથી વહીવટમાં પારદર્શકતા લાવવાના પ્રયાસ હતા પરંતુ નોન ટેકનીકલ અધિકારીઓ તથા ડેટા ઓપરેટરો તથા ભ્રષ્ટ અધિકારીઓના કારણે આખા પ્રોજેકટને ટેકનોલોજી ક્ષતિ યુકત ગણી ભુલો ઉપર ઢાંક પીછોડો કરવામાં આવતો અને યેનકેન પ્રકારે અધિકારીઓ પોતાનો હેતુ સિધ્ધ ના થાય ત્યાં સુધી રેકર્ડને દુરસ્ત કરતા ન હતા જેના ઉપર હવે લગામ આવશે.

રાજયભરમાં જમીનોના ૪૩ પ્રકારના વ્યવહારોને સંબંધીત ઈ ધારા કેન્દ્રમાં ફેરફાર નોંધ દાખલ કરીને જમીનના હક્ક સંબંધીત તબદીલી કરી આપવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

કામગીરી કરતી વખતે ટેકનીકલ ભુલોને કારણે ઘણા રેકર્ડમાં ભુલો રહેવા પામેલા છે. ઘણા કિસ્સામાં ખાતેદારના નામ, સત્તા પ્રકાર, જમીનનો ઉપયોગ, ક્ષેત્રફળ તથા આકાર, હુકમની વિગત તથા બીજા હક્કોની વિગતમાં ટાઈપીંગ કે બીજી ભુલો રહેવા પામેલ જેનો ભોગ જમીન ધારક બનતા તથા જમીન લે વેચમાં પણ મુશ્કેલી ઉભી થતી તેમજ તેવી ક્ષતિ દૂર કરવા એફીડેવીટ, અપીલ રીવીઝનમાં ઘણો જ સમય અને ખર્ચ થતો જેની ફરીયાદો રાજય સરકારને મળતા રાજય સરકારે જમીન માલીકોને તેવા ચકરમાંથી કે લાંબી પ્રક્રિયામાંથી બહાર કાઢવા માટે ખાસ કાર્ય પધ્ધતિ જાહેર કરેલ છે. જેના અનુસંધાને હવેથી કોઈપણ જમીનના રેકર્ડને કોમ્પ્યુટર રાઈઝ કરતી વખતે કોઈ ભુલ કે ક્ષતિ રહેવા પામી હોય તો તે જમીન માલીક દ્વારા તાલુકા કક્ષાએ ઈ ધારા કેન્દ્ર અથવા કોઈપણ એક જગ્યાએ અરજી કરવાની રહેશે જે અરજીના સ્વીકાર બદલ ઈ ધારા કેન્દ્ર દ્વારા પહોંચ તથા સમય મર્યાદા આપવામાં આવશે અને મુકરર કરેલ સમયે અરજીનો નિકાલ કરી અરજદારને એસ. એમ. એસ. થી જાણ કરવામાં આવશે જેથી ખોટા ધક્કા ખાવામાંથી અરજદારનો સમય અને નાણાની બચત થશે. ભુલવાળા રેકર્ડને પુરાવા સાથે સરખાવી ક્ષતિ દૂર કરવામાં આવશે. સરકાર પાસેના ઉપલબ્ધ પુરાવાઓમાંથી અરજી સાથે કોઈ પુરાવો અરજદારે જોડવો પડશે નહી. જે એક મહત્વનો નિર્ણય છે.

દરેક તબક્કે સરકાર દ્વારા કન્ટ્રોલ રજીસ્ટરની સમીક્ષા કરવામાં આવશે. સરકારના આદેશ મુજબ આવા પ્રકારની રજુઆતો માટે ઈ ધારામાં ખાસ કન્ટ્રોલ રજીસ્ટર નિભાવાશે

અનુસંધાન પાના નં. ૭ પર

# સંઘ - ભાજપ, શિવ સેના અને ડૉ.આંબેડકર




જોતજોતામાં ભારતીય બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીની ઊજવણીનું વર્ષ ૧૪ એપ્રિલ, ૨૦૧૬ના રોજ પૂરું પણ થઈ જશે. સરકારી-બિનસરકારી ઊજવણીઓ બંધ થશે. જોકે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડૉ.આંબેડકરનાં લંડન, મુંબઈ અને નવી દિલ્હીનાં આંતરરાષ્ટ્રીય કક્ષાનાં સ્મારકો-સંગ્રહસ્થાનોના જે પ્રકલ્પો ઊજવણી વર્ષમાં હાથ ધર્યા,એનાં બાકીનાં કામો આવતાં વર્ષો સુધી લંબાયે જશે.સ્વયં વડા પ્રધાન મોદીને મહારાષ્ટ્ર સરકારના શિક્ષણ મંત્રાલયે વર્ષો પહેલાં વસંત મૂનના સંપાદકપદ હેઠળ પ્રકાશિત કરેલા ડૉ.બાબાસાહેબનાં અંગ્રેજી લખાણો - વ્યાખ્યાનોના બેનમૂન ગ્રંથોને ભારતની પ્રત્યેક ભાષામાં પ્રકાશિત કે પુનઃ પ્રકાશિત કરાવવાની ઈચ્છા છે. તેમણે આ ગ્રંથોના કોપીરાઈટ ધરાવતા ડૉ.આંબેડકરના પૌત્ર અને જાણીતા ધારાશાસ્ત્રી પ્રકાશ (બાળાસાહેબ) આંબેડકર તથા મહારાષ્ટ્ર સરકારને એ માટે જરૂરી સંમતી માટે લખ્યું છે.

ગુજરાતની કોંગ્રેસ - રાજપ - ભાજપ સરકારો થકી ડૉ.બાબાસાહેબના ૨૨ ગ્રંથોનું ગુજરાતીમાં અવતરણ શક્ય બન્યું છે અને બીજી કેટલીક ભાષાઓમાં પણ એ ઉપલબ્ધ છે. જોકે, સ્વયં વડા પ્રધાન આ સંદર્ભમાં રસ લઈને એ પ્રકલ્પને આગળ વધારવામાં રુચિ ધરાવતા હોય ત્યારે આવતાં વર્ષોમાં પણ ડૉ.આંબેડકર સાહિત્ય અને વિચારની ચર્ચા રહેવાની.બંધારણના ઘડવૈયા અને અસ્પૃશ્ય ભારતીય સમાજને માનવ અધિકારો અપાવવા આયખું ઘસી નાંખનારા ડૉ.આંબેડકરે માત્ર દલિત




સમાજના ઉદ્ધાર માટે જ કામ કર્યું છે એવું નથી. એમણે દેશના અર્થતંત્ર, સમાજતંત્ર, માનવવિદ્યા, કાયદાક્ષેત્ર સહિતનાં તમામ ક્ષેત્રમાં ખૂબ મોટું યોગદાન કર્યું. એમના વિચારો ભારતીય જનતા પક્ષ અને એની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ને કાયમ અનુકૂળ આવે જ એવા નહોતા. ક્યારેક ભાજપ નેતા અટલ બિહારી વાજપેયીની સરકારમાં કેબિનેટ પ્રધાન રહેલા અરુણ શૌરિ જેવા પત્રકાર શિરોમણિ અને વિશ્વ બેંકમાં અર્થશાસ્ત્રી રહેલી વ્યક્તિએ 'વર્શિપીંગ ફૉલ્સ ગૉડ્સ' નામક ગ્રંથ લખીને ડૉ.આંબેડકરને 'બ્રિટિશ એજન્ટ' દર્શાવવાનો વિવાદ સર્જયો હતો. એ વેળા ભાજપ અને આરએસએસ થકી શૌરિના એ વિચારો સાથે છેડો ફાડવામાં આવ્યો હતો.

કોંગ્રેસ વિરુદ્ધના ડૉ.આંબેડકરના વલણનો લાભ ખાટવાની વૃત્તિ-પ્રવૃત્તિ ભાજપ-સંઘમાં સવિશેષ જોવા મળી, પણ ડૉ.આંબેડકર પોતે સરદાર પટેલની જેમ જ 'હિંદુ રાષ્ટ્ર'ના વિચારના કટ્ટરવિરોધી હોવાની બાબત સંઘ-ભાજપને પ્રતિકૂળ રહેવી સ્વાભાવિક છે. જોકે, ભારતીય રાજકારણમાં દલિત વોટબેંક અંકે કરવા મોદીયુગીન ભાજપ અને શાસન કાળ દરમિયાન બાબાસાહેબ ભણી પ્રેમભાવ વધુ જાગવો સ્વાભાવિક છે. અગાઉ કોંગ્રેસ અને બીજા પક્ષોએ એટલે કે બહુજન સમાજ પાર્ટી (બીએસપી) અને રિપબ્લિકન પાર્ટીએ ડૉ.આંબેડકરના નામને રાજકીય રીતે વટાવીને દલિત વોટબેંક અંકે કરવાની દાયકાઓ સુધી કોશિશ કરી, એમ હવે સંઘ-ભાજપ ડૉ.આંબેડકરના હિંદુકરણ થકી નવી નિકટતા કેળવવાની કોશિશમાં જોવા મળે છે.

જોકે, ડૉ.આંબેડકરના રાજકીય ક્ષેત્રમાં સક્રિય એવા વંશજ બાળાસાહેબ આંબેડકર અને એમના લઘુબંધુ આનંદરાજ આંબેડકર ભાજપ કે શિવ સેના કે પછી કોંગ્રેસને અનુકૂળ નથી. ડૉ.આંબેડકરના એક માત્ર પુત્ર સ્વ. યશવંત આંબેડકર (ભૈયા સાહેબ)ના આ બંને દીકરાઓ સંઘ-ભાજપને કણાની જેમ ખૂંચવા સ્વાભાવિક છે. એટલે સ્તો મહારાષ્ટ્રમાં આંબેડકરી ચળવળના અગ્રણી રામદાસ આંબેડકર સાથે શિવશક્તિ અને ભીમશક્તિના જોડાણથી હિંદુ વોટબેંક અને દલિત વોટબેંકનું જોડાણ કરીને ભાજપ-શિવ સેનાને લાભ થયો છે. આંબેડકરના નામે રાજકારણમાં તરી જનારા આઠવલે અગાઉ શરદ પવારની કોંગ્રેસ સરકારમાં કેબિનેટ પ્રધાન હતા. અત્યારે ભાજપના વડપણવાળા એનડીએમાં સાંસદ છે, પણ મોદી સરકારમાં પ્રધાનપદ મેળવવા માટેના એમના ઉધામા હજુ સફળ થયા નથી.

સંઘનું મુખ્યાલય નાગપુર છે. ડૉ.આંબેડકરે ૧૯૫૬ના ઑક્ટોબરમાં પોતાના ૭ લાખ જેટલા અનુયાયીઓ સાથે નાગપુરમાં જ બૌદ્ધ ધર્મની દીક્ષા લઈને હિંદુ નરકમાંથી મુક્તિ મેળવ્યાની ઘોષણા કરી હતી. હવે સંઘ-ભાજપ જેવા હિંદુવાદી સંગઠનો ડૉ.આંબેડકરને હિંદુવાદી દર્શાવવાની કોશિશમાં છે ત્યારે બાબાસાહેબના પૌત્ર પ્રકાશરાવ નાગપુરના જ કસ્તુરચંદ પાર્કમાં પોતાના ભારતીય રિપબ્લિકન પાર્ટી બહુજન મહાસંઘ (ભારિપ-બહુજન મહાસંઘ) અને સામ્યવાદી તેમજ માર્કસવાદી પક્ષના નેતાઓ સાથે સંઘ-ભાજપને પડકારવા લાખો સમર્થકો સાથે જાહેરસભા ભરીને ભાજપના શાસનને 'ફાસિસ્ટ' ગણાવે છે.

બાળાસાહેબ આંબેડકર શાળા છોડ્યાના પ્રમાણપત્રમાંથી જ્ઞાતિ - કાસ્ટ લખવાનું બંધ કરવાનું શરૂ કરવાની હાકલ કરે ત્યારે સંઘ પરિવારના ફેસબુકિયા મિત્રો એને આવકારી હરખ કરે છે, પણ એ જ બાળાસાહેબ મોદી સરકાર અને સંઘ-ભાજપની વિચારધારાને નાગપુરની જાહેર સભામાં ત્રીજી એપ્રિલે જ ભાંડે ત્યારે સંકોચ અનુભવે છે. પ્રકાશરાવ ગર્જના કરે છે: 'દેશભક્તિ, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને સમરસતા જેવાં ગળચટ્યાં નામકરણ થકી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શબ્દછળ કરે છે. આ છેતરપિંડી થકી દેશની જનતાને મૂંઝવી રહ્યા છે. એટલે સંઘે પહેલાં એનો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ શું છે એ સ્પષ્ટ કરવાની જરૂર છે.' આંબેડકર નાગપુરમાં જ સંઘને પડકાર ફેંકીને એવુંપ્રતિપાદિત કરવાની કોશિશ કરે છે કે ડૉ.આંબેડકરને અભિપ્રેત ભારતીય સમાજ વ્યવસ્થા અને સામાજિક ન્યાયી લોકશાહી વ્યવસ્થાને બદલે સંઘ-ભાજપ મનુવાદી વ્યવસ્થા પુનર્સ્થાપિત કરવા ઈચ્છુક છે.

મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવ સેનાની સંયુક્ત સરકાર છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રવાદી કોંગ્રેસના સુપ્રીમો શરદ પવાર સાથે ઘનિષ્ઠ સંબંધ જાળવીને એક બાજુ ઉછળકૂદ કરતી શિવ સેનાને સંકેત આપે છે કે તમે સરકારમાંથી બહાર જશો તો રાષ્ટ્રવાદી કોંગ્રેસ ભાજપને ટેકો આપશે અને બીજી બાજુ રાષ્ટ્રવાદી કોંગ્રેસના ટોચના નેતા છગન ભુજબળને ભ્રષ્ટાચાર ખટલાઓમાં જેલમાં મોકલ્યા પછી પવારના ભત્રીજા અજિત પવારને પણ જેલવાસનાં દર્શન કરાવવાના સંકેત આપે છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# પોતાની જાતને જ્યાં સુધી આપણે પોતે સ્વસ્થ અને સુંદર નહિ જાળવી રાખીએ ત્યાં સુધી આખાયે સમાજમાં સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ કેળવવાનો શો ફાયદો થશે?

*"હોસ્પિટલથી કાયમ દૂર રહેવું*
*એવું*
*ગયા જન્મે નક્કી કરેલું*
*છતાં*
*આ જન્મ હોસ્પિટલમાં જ થયો !"*

*- પારસ એસ. હેમાણી*

શિયાળામાં મસ્ત શિયાળુ પાક, તાજા-લીલા શાકભાજી અને ફૂલગુલાબી ઠંડીમાં સવારની સ્વાસ્થ્યવર્ધક વૉક! આ બધાને કારણે બધાના ચહેરા શિયાળા પછી ખીલેલા લાગતા હોય છે. પણ જેમ જેમ સૂર્યનારાયણ તપવા લાગે તેમ ચહેરા પરનું નૂર હણાઈ જતું હોય તેમ લાગે. આપણે બધા નાના હોઈએ ત્યારે ડૉકટરની બીક મોટેભાગે સતાવતી હોય અને વૃદ્ધ થઈએ ત્યારે પણ એ ડર મનના છાને ખૂણે હોય જ ! જો કે, સ્માર્ટ ફોન સ્માર્ટ સગવડો અને આધુનિક ઉપકરણોના આ યુગમાં હોસ્પિટલો પણ ફાઈવસ્ટાર હોટલો જેવી બની ગઈ છે ! પણ છતાં કોણ જાણે ડૉકટરનો પેલો છાનો ભય હજુ ગયો નથી. આ બાબત માટે જવાબદાર માત્ર ડૉકટર જ નહિ પરંતુ આપણા માંદગી પ્રત્યેના દૃષ્ટિકોણની છે; આપણી સિસ્ટમ પણ છે ! માંદા પડીએ એટલે સૌ પ્રથમ આપણી ફાસ્ટ લાઈફમાં એક 'શાર્પ બ્રેક' લાગે! ત્યારબાદ જલ્દી સાજા થવાની ઉતાવળમાં ભારેમાં ભારે ડૉઝની દવાઓ અને ડૉકટરો દ્વારા કરાવવામાં આવતા જાત-જાતના ટેસ્ટ્સ! આ બધી પ્રક્રિયાને અંતે જયારે ધાર્યું પરિણામ ન આવે ત્યારે શારીરિક રીતે નબળું આપણું માનસ આર્થિક અને માનસિક તાણનો પણ શિકાર બની જાય ! મોટી-મોટી હોસ્પિટલમાં દર્દીને એકલા રહેવાનું અને સગાં-સંબંધીઓથી દૂર એકાંતવાસમાં માત્ર આરામ કરવાનો આ પ્રકારની કડક સૂચના આપવામાં આવે છે ! જો વધુ દિવસો સુધી પેશન્ટ આ પ્રકારની પરિસ્થિતિમાં રહે તો તે માનસિક રીતે સાવ ભાંગી પડે છે !

સવારે ૦૬.૦૦ વાગ્યે, ઊંઘમાંથી ઉઠાડી પલ્સ, બી.પી. માપી જાય.
સવારે ૦૬.૩૦ વાગ્યે, તાવ માપી જાય.
સવારે ૦૭.૦૦ વાગ્યે, બે-ચાર ગોળીઓ ગળાવી જાય.
સવારે ૦૭.૩૦ વાગ્યે, સ્પંજ કરી જાય.
સવારે ૦૮.૩૦ વાગ્યે, રૂમ સાફ કરી જાય.
સવારે ૧૦.૦૦ વાગ્યે, ડાયટીશીયન આજનું મેનુ નક્કી કરી જાય.
સવારે ૧૦.૧૫ વાગ્યે, ફીઝીયોથેરાપીસ્ટ આવી કસરત કરાવી જાય.
સવારે ૧૦.૪૫ વાગ્યે, જુનિયર ડૉકટર આવી ચાર્ટ તપાસી જાય.
સવારે ૧૧.૩૦ - ૧૨ વાગ્યે, ફીઝીશીયન સાથે ઈન્ટર્ન ડૉકટરનું ધાડું તપાસી જાય.
થાકી ગયા ને ??!!
આવું તો રાત્રે ૧૧ સુધી ચાલે,

હોસ્પિટલમાં આરામ શોધતો 'લાચાર' દર્દી !!

આ પ્રકારની હેલ્થ સિસ્ટમમાં વ્યક્તિની મનોદશાનો વિચાર કરતાં જ કમકમાટી આવી જાય ! શરીર સાથે સંકળાયેલી કોઈ પણ બાબતમાં થોડા સંવેદનશીલ બનવું અનિવાર્ય છે. સમયની માંગ અને પ્રોફેશનલ હોવું એ બાબત સમજી શકાય એવી છે. પણ બેરહમ બનવાની હદ પાર કરી દેવી એ શરમજનક બાબત ગણયા. બિમાર વ્યક્તિને સૌથી વધુ જરુર હૂંફ, સહાનુભૂતિ અને આશ્વાસનની હોય છે. સતત સકારાત્મક અને પ્રેરણાદાયક વલણ અપનાવવામાં આવે તો અસાધ્ય રોગની સારવાર પણ સફળતાપૂર્વક કરી શકાય છે. આપણું આ શરીર એ ઈશ્વરે આપેલી મહામૂલી મૂડી છે. પ્રથમ તો આપણે જ તેને મંદિર ગણીને તેની શ્રદ્ધાપૂર્વક જાળવણી કરવાની છે અને તેમ છતાં પણ કર્મસંજોગે કોઈ તકલીફ આવી પણ પડે ત્યારે દર્દી, ડૉકટર, સગા-સંબંધીઓ સૌએ સાથે મળીને ખૂબ જતનપૂર્વક તેમાંથી બહાર આવવાના પ્રયત્નો કરવા પડશે !



**"એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઈ માંદુ પડે તો ડોકટરને સજા કરતા. સેમ્યુઅલ બટલરે એક એવા આદર્શ સમાજની કલ્પના કરેલી જેમાં માંદા પડનાર માણસને કેદની સજા થાય." - ગુણવંત શાહ**




આપણે પોતે જ પોતાના શરીર સાથે નિર્દયતાપૂર્વક વર્તન કરતા હોઈએ છીએ. જાણે-અજાણ્યે વર્ષો સુધી **'taken for granted'** લેવાયેલું આ શરીર સતત અપમાનિત થતું રહે છે. પથારીમાં પડેલા યુવાન શરીરને અસહ્ય બની ગયા પછી શરીર દ્વારા શરુ થયેલો સવિનય કાનૂન ભંગ નહિ તો શું ગણી શકાય ? **Heartattack** કંઈ રાતોરાત ન આવે, એ માટે વરસો સુધી વ્યક્તિએ શરીરને અન્યાય કર્યો હોય ! શરીરને પોટલું સમજીને કલાકોના કલાકો તેને ઑફિસમાં ખુરશી પર કે ઘરના સોફા પર મૂકી રાખ્યું હોય ! સમય, સ્થળ અને પ્રમાણભાન રાખ્યા વિના આડેધડ મન ભાવે તે ખાધું હોય ! શા માટે આ સુંદર મજાનું શરીર અનેક રોગોનું ઘર ન બને એ માટે સતત પ્રયત્નશીલ રહેતા લોકોની કોઈ કમી છે ? આપણે પોતે, આપણી આસપાસ રહેતા કેટલાય વ્યક્તિઓમાં આપણે શરીરને ખલાસ કરી નાખવાની આવી આકરી સાધના કરતા આપણે સૌએ જોયા તેમજ અનુભવ્યા છે. એકવાર શાંતચિત્તે પોતાની જાતને પ્રશ્ન કરી જુઓ કે ઈશ્વરે આપેલું આ સુંદર શરીર મોંઘીદાટ હોસ્પિટલની શોભામાં અભિવૃદ્ધિ કરવામાં વીતાવવું એ કઈ જાતનું 'મોર્ડનાઈઝેશન' છે ? ડૉકટર કે હોસ્પિટલનો આમાં વાંક હશે પણ સૌથી મોટા ગુનેગાર તો આપણે પોતે છીએ. પોતાની જાતને જયાં સુધી આપણે પોતે સ્વસ્થ અને સુંદર નહિ જાળવી રાખીએ ત્યાં સુધી આખાયે સમાજમાં સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ કેળવવાનો શો ફાયદો થશે ? શરૂઆત આપણે પોતે કરવાની છે, જાગૃત આપણે જાતે થવાનું છે. ત્યારબાદ જો બિમારી આવી જ પડે તો ડૉકટરો તેમ જ હોસ્પિટલના સર્વે સભ્યોએ પૂરેપૂરા હૃદયથી દર્દીને સ્વસ્થ કરવાના પ્રયત્નો કરવા પડશે ! સ્વસ્થ અને સુંદર સમાજનું આપણે સૌએ સાથે મળીને નિર્માણ કરવું પડશે અને તો જ એક સંવેદનશીલ સમાજનું સાચા અર્થમાં નિર્માણ થઈ શકશે !

- nehalgadhavi101@gmail.com